# પ્રાંતિજ ચંચળબાનગર વોર્ડ-૧ના રહીશો ચૂંટણીનો બહિષ્કાર કરશે

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ વોર્ડ નંબર-૧ ચંચળબાનગરના રહિશો પ્રાથમિક સુવિધાઓને લઈને વંચિત રહેતાં યોજાનાર નગરપાલિકાની ચૂંટણીને લઈને ચંચળબાનગરના સ્થાનિક રહિશો દ્વારા ચૂંટણીનો બહિષ્કાર કરશે.



પ્રાંતિજ નગરપાલિકાની ચૂંટણીને આડે હવે માત્ર પંદર એક દિવસ બાકી છે ત્યારે પ્રાંતિજ નગરપાલિકાના વોર્ડ નંબર- ૧ ચંચળબાનગર ખાતે રહેતાં રહીશો દ્વારા ચૂંટણી બહિષ્કારના મુડમાં જણાઈ આવે છે અને રહીશોનું કહેવું છે કે તેવોને આજદિન સુધી પ્રાથમિક સુવિધાઓ ના મળતી હોવાથી અને તેમના વિસ્તારમાં સફાઈ માટે કોઈ આવતું નથી. તો છેલ્લાં કેટલાંક મહિનાઓથી ગટરો પણ ઉભરાય છે અને ગટરનું કામ પુર્ણ થયું નથી તો બીજીબાજુ ગટરો ઉભરાય છે અને ગટરો ઉભરાતાં દુર્ગંધ મારે છે. દુર્ગંધને લઈને રહીશોને બપોરના સમયે તો ઘરના બારી બારણાં બંધ રાખવાં પડે છે અને દુર્ગંધથી તેવોના નાકના ટેડવા પણ ચડી જાય છે. તો રહિશોનુ કહેવું છે કે અમારા વોર્ડમાં આજદિન સુધી ચુંટાયેલ કોઈ સદસ્યો ફરક્યા પણ નથી અને અમે નગરપાલિકામાં રજુઆત કરીએ છીએ તો અમને કહેવામાં આવે છે કે એ તો તમારા ચુંટાયેલા સદસ્યોને કહેવાનું. ત્યારે હાલ તો વોર્ડ નંબર-૧ના ચંચળબાનગર વિસ્તારમાં પાલિકા તરફથી સુવિધાઓનો અભાવ રહેતાં રહીશો દ્વારા આ વખતે મતદાન નહી કરી ચૂંટણીનો બહિષ્કાર કરવાનાં મુડમાં છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે ઉમેદવારો દ્વારા તથા સ્થાનિકતંત્ર દ્વારા ઉમેદવારોને મતદાન કરવા માટે મનાવી લેવામાં આવશે કે કેમ એ તો આવનાર દિવસમાં જ ખબર પડશે, પણ હાલ તો વોર્ડ-૧ ચંચળબા નગરના રહિશો મતદાન નહિં કરવા અને ચૂંટણી બહિષ્કારની હઠ લઈને બેઠાં છે.

# તલોદ નગરપાલિકાની ચૂંટણીનો ધમધમાટ

તલોદ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાની તલોદનગર પાલિકાની આગામી ૧૭મી ફેબ્રુઆરીના રોજ યોજાનાર સામાન્ય ચૂંટણીનો ધમધમાટ આજથી જોવા મળી રહ્યો છે. આજથી ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત થતાં આજે કુલ સાત ઉમેદવારીપત્રો ભરાયા હતા.




તલોદ નગરપાલિકાની ચૂંટણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જે અંતર્ગત આજથી નગરપાલિકાની ચૂંટણીમાં લડવા ઈચ્છતા ઉમેદવારોમાં મહિલા અને પુરૂષ બન્ને પોત-પોતાના કાર્યકરો, ટેકેદારો સાથે મોટી સંખ્યામાં તલોદ મામલતદાર કચેરી ખાતે શુભ મુહૂર્તમાં ઉમેદવારી નોંધાવતા વોર્ડ ૨,૫ અને ૬માંથી મળી કુલ સાત જેટલા ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવી હોવાનું ચૂંટણી શાખાએ જણાવ્યુ હતુ.

હવે ઉમેદવારીપત્રો ભરવાના આખરી બે દિવસો બાકી રહ્યા છે ત્યારે હજુ સુધી બન્ને પક્ષો ઉમેદવારોની પસંદગીમાં અસંમજસની સ્થિતિમાં મુકાઈ જતા હજુ સુધી એકેય પક્ષ ઉમેદવારોની યાદી જાહેર કરી શક્યા નથી. ત્યારે બળવો અને અસંતોષની જ્વાળા વધુ ના પ્રસરે અને કાર્યકરોનો વિગ્રહનો સામનો ન કરવો પડે તે માટે કેટલાક નિશ્ચિત મનાતા ઉમેદવારોને પક્ષ દ્વારા ખાનગીમાં સૂચના આપી દેવામાં આવી. કોઈ જે તે ઉમેદવારો ઉમેદવારી પત્રો ભરવા અને ડોક્યુમેન્ટ એકઠા કરવા દોડધામ કરતા જોવા મળી રહ્યા છે.

### ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

# બનાસ મેડિકલ કોલેજ દ્વારા બનાસકાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં રોગ નિદાન કેમ્પ યોજાયો

ગુજરાત રાજયમાં તાજેતરમાં નવીન આરોગ્ય નીતિ અંતર્ગત રાજયમાં સાત નવી મેડિકલ કોલેજની મંજૂરી આપવામાં આવી છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં મુખ્ય મથક પાલનપુર ખાતે પણ મેડિકલ કોલેજને મંજૂરી અપાઈ છે. ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં હાઈ બીપી, ડાયાબીટીસ, જાડાપણું અને એનીમિયા જેવા રોગોનું નિદાન કરવા માટે વિવિધ જગ્યાએ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે.



બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શનથી બનાસ ડેરીના આદ્યસ્થાપક ગલબાભાઈ નાનજીભાઈ પટેલની જન્મ શતાબ્દી અવસરે બનાસકાંઠા જિલ્લામાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે જેમાં નવેમ્બર ૨૦૧૭થી અત્યાર સુધીમાં કુલ ૪૫ ગામોમાં રોગ નિદાન કેમ્પ યોજીને ૨૯૮૭ દર્દીઓની તપાસ કરીને યોગ્ય સારવાર કરવામાં આવેલ છે અને ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજ દ્વારા અવિરતપણે ગ્રામ્ય વિસ્તારોમાં રોગ નિદાન કેમ્પનું આયોજન થઈ રહ્યું છે.

અત્યારના સમયમાં ભાગદોડ ભર્યું જીવન અને ખોરાકની અનિયમિતતા વધારે પ્રમાણમાં રહેતી હોય છે તેના લીધે કેટલાક રોગોનું પ્રમાણ વધી રહ્યું છે. હાલના સમયમાં યુવાનોથી લઈને ઘરડા લોકોમાં હાઈબીપી, અનેમિયા, જાડાપણું અને ડાયાબીટીસના રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે, આ છૂપા રોગો હોવાથી લોકોને જલ્દી ખબર પડતી નથી. ધીમે-ધીમે શરીર પર હુમલો કરે છે અને લાંબા ગાળે સ્વાસ્થ્ય માટે ખૂબ જ નુકસાનકારક સાબિત થાય છે. ડાયાબીટીસ રોગના દર્દી સમયસર સારવાર ન કરાવે તો આંખની દ્રષ્ટિ ગુમાવવાની શક્યતા રહેતી હોય છે. આવા રોગોનું નિદાન કરવા માટે અને સામાન્ય સારવાર માટે જેમ કે તાવ, ખાસી, માથાનો દુ:ખાવો, ભૂખ ન લાગવી વગેરે માટે બનાસ મેડિકલ કોલેજના નિષ્ણાત ડોકટરોની ટીમ દ્વારા ગામડાઓમાં કાર્ય હાથ ધરવામાં આવેલ છે. જયારે કોઈ ગંભીર રોગ જણાય તો પાલનપુર ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં દર્દીને સારવાર અર્થે દાખલ કરવામાં આવે છે જેમાં આંખનાં મોતિયાનાં ઓપરેશન પણ કરવામાં આવે છે.

## બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કોલેજનું ગૌરવ

ભિલોડા,તા.૨

બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, મુંબઈ સંચાલિત સ્વ.એસ.એચ. જોષી અને બી.કે. જોષી આર્ટ્સ એન્ડ



કોમર્સ કોલેજના અર્થશાસ્ત્ર વિષયના પ્રોફેસર વિશાલકુમાર જોષીએ પેસિફિક યુનિવર્સિટી, ઉદેયપુરમાં ખેડબ્રહ્મા કોલેજના માર્ગદર્શક ડાં.એ.બી. બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ ''AN Economics Study Of Tribe ''Kathodi'' in Sabarkantha District Of Gujarat '' વિષય ઉપર પી.એચ.ડી.ની. ડિગ્રી પ્રાપ્ત કરવા બદલ બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ પ્રમુખ, મંત્રી, કારોબારી સભ્યો, આચાર્ય, શૈક્ષણિક સ્ટાફ પરીવારએ બિરદાવ્યા હતા.

# થાવર ચેકપોસ્ટનો આર.ટી.ઓ. લાજવાના બદલે ગાજી રહ્યા છે

### બેફામ ડમ્પરચાલકો અકસ્માત સર્જી રહ્યા છે છતાં પણ આર.ટી.ઓ. મૌન : એસીપી દ્વારા થાવર ચેક પોસ્ટ પર દરોડા કરવામાં આવે તો લખો રૂપિયા ઝડપાય

ધાનેરા તાલુકા ના થાવર ગામે આર ટી ઓ અધિકારીઓ ધ્વરા લુખ્ખી દાદાગીરી કરી બેફામ ડમ્પર ચાલકો ને સામે કાર્યવાહી કરવાના બદલે મીડિયા ના લોકો ઉપર દાદાગીરી કરી રોફ જમાવતો જોવા મળી રહ્યો છે.

ધાનેરા વિસ્તાર માં ડમ્પર ચાલકો બેફામ બન્યા છે અને બેફામ ચાલી વારંવાર અકસ્માતો સાજી નિર્દોષ લોકો ને મોતને ઘાટ ઉતારી રહ્યા છે ૨૦ દિવસ ડમ્પર ચાલકો ધ્વરા ત્રણ અકસ્માત સર્જવામાં આવ્યા છે જેમાં ૫ લોકોના મોટ નિપજ્યા છે તો ૮ જેટલા લોકોને ગંભીર ઈજા પણ થવા પામી છે ત્યારે આ બાબતે લોકો ધ્વરા મીડિયા ને રજૂઆત કરતા મીડિયા ધ્વરા આરટીઓ અધિકારી સાથે બે ફામ ડમ્પર ચાલકો ની રજૂઆત કરતા આર ટી ઓ ઈન્સ્પેકટર એચ જે પંચાલ લાજવા ના બદલે ગાજવા માંડ્યો હતો અને ડમ્પર ચાલકો સામે કાર્યવાહી કરવાના બદલે મીડિયા ના લોકો ઉપર દાદાગીરી કરી કેમેરામેન ઉપર હાથ ચાલાકી કરી હતી અને જો બીજી વાર આવી કોઈ રજૂઆત કરવા માટે આવ્યા



તો ખોટી ફરિયાદ કરી ફસાવી નાખવાની ધમકી આપી હતી તમે પણ જુઓ આ આર ટી ઓ અધિકારીની લુખ્ખી દાદાગીરી થાવર આર ટી ઓ ચેક પોસ્ટની તમામ હરકતો કેમેરા માં કેદ થઈ જતા આર ટી ઓ અધિકારી સહીત ફોલ્ડરિયાઓ પણ દોડતા થયા હતા અને મીડિયાકર્મીને પૈસાની લાલચ આપી બધું દબાવી દેવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ મીડિયા ધ્વરા એમની વાત ન સ્વીકારતા આર ટી અને તેના ફોલ્ડરિયા ધ્વરા મીડિયા કર્મીઓ ઉપર હુમલો કરી કેમેરો ઝૂંટવી લીધો હતો ત્યારે હવે તમે પણ સાંભળો કે આ આરટીઓના ફોલ્ડરિયા પૈસાની કેવી લાલચ આપે છે.

થાવર આરટીઓ કચેરી ઉપર પૈસાની લાલચમાં બધી જ છૂટછાટ આપવામાં આવી રહી છે ત્યારે આ બાબતે ઉચ્ચકક્ષાના અધિકારીઓ જાગે અને તંત્રની આબરૂના ધજગરા ઉડાવનાર આરટીઓને પાઠ ભણાવે.

# લોક ભારતી આશ્રમશાળાની સરકારી ગ્રાન્ટ ચાઉં કરવાના કારસાનો પર્દાફાશ

### અભાપુરની લોક ભારતી આશ્રમશાળાના બની બેઠેલા મંત્રીનું કારસ્તાન : સરકારી નાણાને ગ્રાન્ટના નામે રૂપિયા ૯૪ લાખથી વધુ પડાવી લેવા ખોટા દસ્તાવેજનો ઉપયોગ

સાબરકાંઠા, તા. ૨

સાબરકાંઠાના વિજયનગર તાલુકાના અભાપુર ગામે આવેલી લોકભારતી આશ્રમશાળા વિમુક્ત જાતિ કલ્યાણ મંડળના નામે ચાલતી હોવા છતાં આ આશ્રમશાળામાં ખોટી રીતે બની બેઠેલા એક મંત્રી તથા અન્ય ત્રણ જણાએ હિસાબી નિરિક્ષણ ગ્રાન્ટના નામે સરકારમાંથી મંડળના પ્રમુખની જાણ બહાર રૂ. ૯૪ લાખથી વધુની ગ્રાન્ટ ઓહિયા કરી જવાના કારસાનો મંડળના પ્રમુખે પર્દાફાશ કરી તે અંગે સરકારના વિવિધ વિભાગોમાં જાણ કરી આ શખ્સ તથા અન્ય ત્રણ જણા વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. જો તેમ નહિ થાય તો સરકારના લાખો રૂપિયા સરકારી અધિકારીની મદદથી આ બની બેઠેલો મંત્રી ચાઉં કરી જાય તે પહેલા સખ્ત કાર્યવાહી કરવાની જરૂર છે.

આ અંગે અભાપુર ખાતે આવેલ લોક ભારતી આશ્રમશાળાના પ્રમુખ બી.એફ. વાઘેલાના જણાવ્યા મુજબ તેમની સંસ્થામાં ખુદ તેમનો ભાણો દિલીપભાઈ મનસુખભાઈ ચૌધરીએ ખોટા દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કરીને આશ્રમશાળા અધિકારી ખેડબ્રહ્મા પાસે લોકભારતી આશ્રમ શાળાની વર્ષ-૧૯૯૪થી વર્ષ ૨૦૧૪ સુધીની વાર્ષિક હિસાબી નિરિક્ષણ ગ્રાંટ પેટે રૂ. ૯૪ લાખથી વધુની રકમ માંગી હતી. જેમાં અન્ય ત્રણ જણા પણ સામેલ છે.

એટલુજ નહિ પણ કૌભાંડી દિલીપભાઈ ચૌધરીએ અગાઉ લોક ભારતી આશ્રમ શાળાના ખોટા અને ભળતા લેટર હેડ થતા સિક્કા બનાવી આ સંસ્થાના બેન્કના ખાતામાંથી અંદાજે રૂ. ૧૧ લાખની ઉચાપત કરી લીધી હતી. જે અંગે સંસ્થાના પ્રમુખ વાઘેલાને ખબર પડતા સમગ્ર કૌભાંડમાં ખુદ સરકારી અધિકારીઓ આડકતરી રીતે સામેલ હોવાના પુરાવા રજુ કરીને આવા લોકો સામે કાયદાકીય પગલા લેવાની રજૂઆત સલગ્ન વિભાગોમાં કરી દીધી છે. ઉપરાંત ચેરીટી કમિશ્નર સમક્ષ પણ રજૂઆત કરીને આવા બોગસ અને બની બેઠેલા લોકો સામે કડક કાર્યવાહી કરી મિલીભગતમાં સામેલ લોકો સામે કાર્યવાહી કરવી જોઈએ.

દિલીપ ચૌધરીએ જયારે સરકારી ગ્રાન્ટનો ચાઉં કરી જવા માટે સરકારી અધિકારીઓને હાથો બનાવી તેમને ૨૫ ટકા કમીશન આપવાનું પણ નક્કી કરાયું છે. જોકે આ અંગે સંસ્થાના પ્રમુખે કાયદેસરની કાર્યવાહી કરીને સંસ્થાને બદનામ કરનાર બની બેઠેલા મંત્રીને પાઠ ભણાવવા માટે કાયદેસરની કાર્યવાહી કરી દીધી છે. આ બોગસ મંત્રીએ અગાઉ સંસ્થાને બદનામ કરવાના ઈરાદે વિવિધ કોર્ટોમાં અગિયાર કેસ

● અનુસંધાન પાના - ૭ પર

## અરવલ્લી જિલ્લા આંજણા (ચૌધરી) મહાસંગઠનના પ્રમુખપદે નિમાયા



અખિલ ભારતીય આંજણા (ચૌધરી) મહાસંગઠનના અરવલ્લી જિલ્લાના પ્રમુખપદે સર્વાનુમતે ભિલોડા તાલુકાના રામનગરના સંકેતભાઈ ચૌધરીની નિયુક્તિ કરવામાં આવી છે.

# હિંમતનગરમાં ચાર્ટડ એકાઉન્ટન્ટની ઓફિસમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

હિંમતનગર, તા. ૨

હિંમતનગરના એક કોમ્પલેક્ષમાં આવેલ ચાર્ટડ એકાઉન્ટન્ટની ઓફિસમાં ૨૦ દિવસ અગાઉ અજાણ્યા શખ્સો રૂ. ૯૩,૫૦૦ના કોમ્પ્યુટર ચોરી ગયા હતા. જે અંગેની ફરીયાદ નોંધાયા બાદ એલસીબીએ બાતમીને આધારે ચોરી કરનાર આ શખ્સને બુધવારે હિંમતનગરમાંથી મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરના જાસ્મીન કોમ્પ્લેક્ષમાં ઈન્કમટેક્ષ અને ચાર્ટડ એકાઉન્ટન્ટનું કામ કરી એસઆઈએસ એન્ડ કંપનીની ઓફિસમાંથી ૨૦ દિવસ અગાઉ અજાણ્યા શખ્સો પાંચ લેપટોપ, એક પ્રિન્ટર, મોબાઈલ અને ડીવીઆર મળી રૂ. ૯૩,૫૦૦નો મુદ્દામાલ ચોરી ગયા હતા. જે અંગેની ફરીયાદ તત્કાલિન સમયે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. ત્યારબાદ આ ચોરીનો ભેદ ઉકેલવા માટે એલસીબીને જવાબદારી સોંપવામાં આવી હતી.

બીજી તરફ એલસીબીએ બાતમીને આધારે ચાર્ટડ એકાઉન્ટન્ટની ઓફિસમાં ચોરી કરનાર શખ્સ અંગે માહિતી મળતા બુધવારે હિંમતનગરના ભોલેશ્વર વિસ્તારમાં આવેલ શિવાંગી કોમ્પલેક્ષ નજીક આવેલ શિવાંગી ચાલીમાં રહેતા બળવંતસિંહ વજેસિંહ ચૌહાણને પકડી પુછપરછ કરતા તેણે ચોરી કરેલ લેપટોપ સહિતની અન્ય સામગ્રી પોતાના ઘરમાં સંતાડી રાખી હોવાનુ કબુલ્યુ હતુ. જેથી એલસીબીએ તરત જ રૂ. ૯૩,૫૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# થરાદમાં શંકાસ્પદ ચાર યુવતી અને એક યુવક ઝડપાયા

થરાદ, તા. ૨

થરાદ મીઠા હાઈવે પર આવેલી કોલેજ પાસે બુધવારની સવારના સુમારે ચાર યુવતીઓ તથા એક યુવક પસાર થતા નાના-મોટા વાહનચાલકોને રોકાવીને તેમને પરાણે થ્રીડી ચિત્રણ વાળા પુસ્તકો પરાણે બતાવી ખરીદવાનો હઠાગ્રહ જેવું વર્તન કરતાં લોકોને તેમના પર શંકા ગઈ હતી. આ અંગે થરાદ પોલીસને જાણ કરતાં પોલીસ તેમને જીપમાં મથકમાં લઈ આવી હતી. તેમજ તેમની પુછપરછ હાથ ધરી હતી.

લેડીઝ પોલીસના જવાબમાં તેઓ અમદાવાદના ઓઢવ તથા રાજસ્થાનના પાલી (સોજત)ના હોઈ તથા ચારેક મહિના પહેલાં ઘેરથી નિકળ્યા હોવાનું જણાવ્યું હતું. આ તમામ યુવતીઓ પરિણિત હતી તેમજ અન્ય કોઈ ધંધો નહી હોવાના કારણે આજીવિકા માટે કોલેજ પાસે પુસ્તકો વેચતા હતા. તેમણે કોઈ



અયોગ્ય વર્તન કે ગુનાહિત પ્રવૃતીમાં સંકળાયેલ નથી તેવા લેખિતમાં જવાબ આપતા તથા તેમના ડોક્યુમેન્ટ ચકાસણી બાદ પોલીસે મીનાબેન મહેન્દ્રભાઈ બારોટ, લતાબેન જેકી બારોટ, કંચનબેન મકન બારોટ અંજુબેન રાજેશભાઈ બારોટ (સોજત) જિલ્લો તથા રામકિશ્ન મકન કનૈયાલાલ બારોટને જવા દીધા હતા. નોધનીય છેકે થરાદ ડીસા હાઈવે પર થોડા દિવસો પહેલાં પણ સાત યુવતીઓ લોકો પાસેથી પૈસા ઉઘરાવતી ઝડપાઈ હતી.



## શિહોરી-રતનપુરા બ્રિજ પાસે કન્ટેનર પલ્ટી મારતા બે વ્યક્તિને ઈજા

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના શિહોરી રતનપુરા બ્રિજ પાસે કન્ટેનરને આર.જે.૧૪.જીજે.૯૨૭૭ પાનીપત તરફથી આઈસક્રીમની ચમચી ભરીને મુન્દ્રા પોર્ટ તરફ જઈ રહ્યુ હતુ તે દરમ્યાન રતનપુરા બ્રિજ પાસે ગાય આડે આવતા તેને બચાવવા જતા પલ્ટી મારતા ચોકડીમાં જઈ ખાબક્યુ હતુ. જોકે ડ્રાઈવર રફિકખાન અને કંડકટર ખુરશીદને ગંભીર ઈજાઓ થતા ડિસા ખાતે રિફર કરાયા હતા. આમ ખીમાણા-શિહોરી હાઈવે રોડ ઉપર રતનપુરા બ્રિજ પાસે કન્ટેનર પલ્ટી મારતા બે વ્યક્તિઓને ઈજા થઈ હતી. જયારે મોટી જાનહાની ટળી હતી.

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત ગામ ડુંગરાગોડ, મુડસી પંચાયત, તાલુકો મેઘરજ મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.ગુ.ગ.વ્ય.બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ કે ઉપરના વર્ગની માન્યતા ધરાવતા ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

**ડુંગરાગોડ-૧**

(૧) પાઈપલાઈન લેબર કામ - ૪,૨૪,૧૮૭.૯૫
(૨) આર.સી.સી. હવાડો, ઘર જોડાણ - ૧,૫૨,૦૨૨.૭૫

**ડુંગરાગોડ-૨**

(૩) પાઈપલાઈન લેબર કામ, ઘર જોડાણ - ૩,૯૫,૭૦૨.૮૫

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૬/૨/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૧૩/૨/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૧૫/૨/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી ડુંગરાગોડ જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**અધ્યક્ષશ્રી,**
**ડુંગરાગોડ જળ અને સ્વચ્છતા સમિતિ,**
**ગામ-ડુંગરાગોડ, મુડસી પંચાયત, તાલુકો-મેઘરજ, જીલ્લો-અરવલ્લી**